અપીલ અરજી નં.૪૨૫ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દિનેશભાઈ સી. ઠકકર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)
ઈ.ચા. કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી (કાયદા વિભાગ)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ સી. ઠકકરની તા.૧૧–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ શહેર વિકાસ ખાતુ, આરોગ્ય ખાતુ, આકારણી ખાતુ, ગુમાસ્તા ખાતુ, વિગેરે વિવિધ ખાતાઓના ઘણા બધા કૌંભાડ બહાર આવે છે. ત્યારે જે તે ગોટાળા અટકાવવાની ફરજ જે કર્મચારીઓના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેવાજવાબદાર અધિકારી જેવા કે મ્યુ.કમિશ્નર આસી.કમિશ્નર, ઝોનલ ચીફ ઝોનલ ઓફિસર નાયબ અધિકારી અને ચીફ વિજીલન્સ અધિકારી જેવા કર્મચારીઓની આવા ગોટાળામાં કઈ કઈ જવાબદારી ફીકસ કરવામાં આવી છે? તે માટે **BPMC** એકટની કઈ કલમમાં ખુલાસો કરવામાં આવ્યો છે? અને કસુરવાર જણાતા કર્મચારીઓ વિરૂધ્ધ ઉપરી સરકારી અધિકારી સિવાય સામાન્ય નાગરિક કઈ કોર્ટમાં કયા ફોજદારી કાયદા મુજબ ફરીયાદ કરી શકે તે જણાવવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૫/૨૦૧૦–૧૧

શ્રી દિનેશભાઈ સી. ઠકકરની તા.૧૧–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ શહેર વિકાસ ખાતુ, આરોગ્ય ખાતુ, આકારણી ખાતુ, ગુમાસ્તા ખાતુ, વિગેરે વિવિધ ખાતાઓના ઘણા બધા કૌંભાડ બહાર આવે છે. ત્યારે જે તે ગોટાળા અટકાવવાની ફરજ જે કર્મચારીઓના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેવા જવાબદાર અધિકારી જેવા કે મ્યુ.કમિશ્નર આસી.કમિશ્નર, ઝોનલ ચીફ ઝોનલ ઓફિસર નાયબ અધિકારી અને ચીફ વિજીલન્સ અધિકારી જેવા કર્મચારીઓની આવા ગોટાળામાં કઈ કઈ જવાબદારી ફીકસ કરવામાં આવી છે? તે માટે **BPMC** એકટની કઈ કલમમાં ખુલાસો કરવામાં આવ્યો છે? અને કસુરવાર જણાતા કર્મચારીઓ વિરૂધ્ધ ઉપરી સરકારી અધિકારી સિવાય સામાન્ય નાગરિક કઈ કોર્ટમાં કયા ફોજદારી કાયદા મુજબ ફરીયાદ કરી શકે તે જણાવવા વિનંતી વિ. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અપારદર્શક અને અધુરી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪ તા.૬–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી અને ડે.કમિ.(૫અનેઈ) ને તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ પૈકી કઈ માહિતી બાબતે કઈ વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા સાથે મુદ્દા નં.૨ ની વિગતો સંદિગ્ધ છે તેમજ બન્ને મુદ્દા અંગે તેમણે **BPMC** એકટ જેની મુખ્ય જોગવાઈ વેબ પર પણ મુકેલ છે તે તથા કાયદાનો સંદર્ભ કરેલ છે કે કેમ? વધુમાં કાયદાની અજ્ઞાનતા એ બચાવ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પાઠવેલ તા.૭–૩–૧૧ ના પત્રથી આપેલ માહિતી પછી શું વિગતે નારાજગી છે તે જણાવવા તેમજ સાથે તેમની રજૂઆત અનુસંધાને એ બાબતે પણ ધ્યાન દોરી જણાવેલ કે કાયદાની કલમ–૨૭ હેઠળ રાજય માહિતી નિયમો ઓકટો.૨૦૦૫ તથા માર્ચ–૨૦૧૦ અનુસાર અરજી કરવા માટે નિયત નમુનાના પ્રિન્ટેડ ફોર્મેટ માં જ કરવી અનિવાર્ય નથી પરંતુ તેમાં જણાવેલ લઘુતમ બાબતો આવરી લેતી અરજી હસ્તલિખિત કે ટાઈપીંગ ધ્વારા પણ આપી શકાય. તબદીલી અંગે કલમ–૬(૩) ને અનુસરી નિર્ણય લેવા જાહેર માહિતી અધિકારી સક્ષમ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫ તા.૮–૪–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૩૬ તા.૧૪–૨–૧૧ થી ઈ.ચા. લો ઓફિસર, ઈન્કવાયરી ઓફિસર અને વીજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ઈન્કવાયરી વિભાગથી અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૯ તા.૭–૩–૧૧ થી આપેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૯૯ તા.૨૦–૪–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૬૩૬ તા.૧૪–૨–૧૧ થી ઈ.ચા. લો. ઓફિસર, ઈન્કવાયરી ઓફિસરશ્રી તથા વીજીલન્સ ઓફિસરશ્રીને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૪૬ તા.૪–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી શહેર વિકાસ ખાતુ, આરોગ્ય ખાતુ, આકારણી ખાતુ, ગુમાસ્તા ખાતુ, વિગેરે કૌંભાડ બહાર આવે છે ગોટાળા અટકાવવાની ફરજ જે અધિકારીની આવતી હોય તેમની કઈ જવાબદારી ફીકસ કરવામાં આવી છે? અને તે અંગે નાગરીક કઈ કોર્ટમાં જઈ શકે તે અંગે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કાયદાખાતાને સંબોધતી સેન્ટ્રલઝોન કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન ખાતેથી નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૬૩૬ તા.૧૪–૨–૧૧ થી ઈ.ચા. લો. ઓફિસર, ઈન્કવાયરી ઓફિસરશ્રી તથા વીજીલન્સ ઓફિસરશ્રીને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. લો ઓફિસર તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને લો/૫૦૫ તા.૨૩–૨–૧૧ થી અરજી તબદીલ કરવામાં આવેલ. વીજીલન્સ ઓફિસર તરફથી પત્ર નં. વીઆઈડી/આ.નં.૧૯૦૭ તા.૩–૩–૧૧ થી ઈ.ચા. લો ઓફિસરને અરજી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૪૬ તા.૪–૩–૧૧ થી મુદ્દા નં.૧ અને ૨ અંગે સદર અરજીમાં માંગેલ માહિતી બાબતે સેન્ટ્રલઝોન ધ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સદર અરજી બાબતે સેન્ટ્રલઝોન તરફથી આ.નં. સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૬૩૬ તા.૧૪–૨–૧૧ થી ઈ.ચા. લો ઓફિસરશ્રી ઈન્કવાયરી ઓફિસરશ્રી તથા વીજીલન્સ ઓફિસરશ્રીને સદર અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ શહેર વિકાસ ખાતુ, આરોગ્ય ખાતુ, આકારણી ખાતુ, ગુમાસ્તા ખાતુ, વિગેરે વિવિધ ખાતાઓના ઘણા બધા કૌંભાડ બહાર આવે છે. ત્યારે જે તે ગોટાળા અટકાવવાની ફરજ જે કર્મચારીઓના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેવા જવાબદાર અધિકારી જેવા કે મ્યુ.કમિશ્નર આસી.કમિશ્નર, ઝોનલ ચીફ ઝોનલ ઓફિસર નાયબ અધિકારી અને ચીફ વિજીલન્સ અધિકારી જેવા કર્મચારીઓની આવા ગોટાળામાં કઈ કઈ જવાબદારી ફીકસ કરવામાં આવી છે? તે માટે **BPMC** એકટની કઈ કલમમાં ખુલાસો કરવામાં આવ્યો છે? અને કસુરવાર જણાતા કર્મચારીઓ વિરૂધ્ધ ઉપરી સરકારી અધિકારી સિવાય સામાન્ય નાગરિક કઈ કોર્ટમાં કયા ફોજદારી કાયદા મુજબ ફરીયાદ કરી શકે તે જણાવવા વિનંતી. મુદ્દા નં.૨. જુદા જુદા ખાતાઓમાં મૌખિક અને લેખિતમાં રજૂઆતો કરાયા બાદ પણ જે લોકહિતની કાર્યવાહી થવી જોઈએ તેના બદલે જાણી જોઈને ગૂચવડા ઉભા કરાય છે તે બાબતમાં જવાબદાર અધિકારીઓ ઉપર સજાપાત્ર કાર્યવાહી થાય તે માટેની સામાન્ય નાગરિકોની અરજી મ્યુ.કોર્ટ સ્વીકારે છે કે નહી? તે જણાવવા વિનંતી. અરજદારની અરજીના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી માંગવામાં આવેલી માહિતીના સંદર્ભમાં મુદ્દા નં.૧ બાબતે જણાવેલ કે જે તે અધિકારીઓની તેઓના તાબા હેઠળના ખાતાઓમાં થતી ગેરરિતી સબબ તેઓના કાર્યક્ષેત્ર મુજબ જવાબદારી નકકી કરી બીપીએમસી એકટની કલમ–૫૬(૨) હેઠળ નિર્દિષ્ટ જોગવાઈ મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. સામાન્ય નાગરીક જે તે કસુરવાર જણાતા કર્મચારીઓ વિરુધ્ધ જે તે ગુનાસર કાયદાની લાગુ પડતી કલમ હેઠળ પોતાની વિવેકબુધ્ધિ અનુસાર જે તે સબંધિત કોર્ટમાં ફરીયાદ કરી શકે છે અને જે તે કોર્ટ પોતાની સત્તાને આધિન તેવી ફરીયાદ સ્વીકારી શકે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અરજી તબદીલી અંગે અને ઈન્કવાયરી ઓફિસરે જે તે કોર્ટ જેવા શબ્દો વાપરીને તા.૭–૩–૧૧ ના રોજ આપેલ માહિતી અપારદર્શક અધૂરી હોવાનું જણાવી તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારે કઈ કોર્ટમાં ફરીયાદ અરજી કરવા અંગે કોઈ ચોકકસ કેસ આધારે કે વિગતના આધારે માહિતી માંગેલ ન હોઈ જે તે કોર્ટને સ્પર્શતી અને તેના કાર્યક્ષેત્રમાં આવતી માહિતી બાબતે જે તે સંબધિત કોર્ટ ની હકીકતલક્ષી માહિતી આપવામાં આવેલ છે. વધુમાં અરજદારને અપીલ મુદ્દા નં.૧ અંગે અપીલ તબકકે નારાજગી સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં.૨ અંગે સંદિગ્ધ છે તે અંગે બંને મુદ્દાઓ અંગે બીપીએમસી એકટ જેની મુખ્ય જોગવાઈ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકેલ છે તે તથા કાયદાનો સંદર્ભ કરેલ છે કે કેમ તે પણ સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. વધુમાં કાયદાની અજ્ઞાનતા એ બચાવ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પાઠવેલ તા.૭–૩–૧૧ ના પત્રથી માહિતી પછી શું વિગતે નારાજગી છે તે જણાવવા પત્ર પાઠવી તક આપવા છતાં અરજદારે કોઈ પૂરક વિગતો જણાવેલ નથી. જયારે અરજદારની અરજી તબદીલી બાબતે તબદીલી અંગે આરટીઆઈ એકટની કલમ–૬(૩) ને અનુસરી નિર્ણય લેવા જાહેર માહિતી અધિકારી સક્ષમ છે તેવું પણ અરજદારને સૂચિત કરવામાં આવેલ.

અરજદારે માંગેલ માહિતી પ્રથમદર્શીય રીતે જોવા જતાં બંને મુદ્દામાં સંદિગ્ધ પ્રકારના છે. પ્રથમ મુદ્દામાં અરજદારે " જેવા કર્મચારીઓની આવા ગોટાળામાં કઈ કઈ જવાબદારી ફીકસ કરવામાં આવી છે" તથા " ઉપરી અધિકારી સિવાય કઈ કોર્ટમાં , કયા ફોજદારી કાયદા મુજબ ફરિયાદ કરી શકે." તેવી પૃચ્છા કરેલ છે. જયારે બીજામાં " જવાબદાર અધિકારીઓ ઉપર સજા પાત્ર કાર્યવાહી થાય તે માટે અરજી મ્યુ. કોર્ટ સ્વીકારે કે નહી?" તેની માહિતી માંગેલ છે.

પ્રથમ મુદ્દામાં જોવા જઈએ તો ગોટાળામાં કઈ કઈ જવાબદારી તે પ્રત્યેક કેસ તપાસના વિષય વસ્તુ અને ગુણદોષ પર નિર્ભર રહે છે. જયારે ઉપરી અધિકારી સિવાય ફોજદારી ફરિયાદની બાબતે પ્રત્યેક અદાલતના નિયત કાર્યક્ષેત્ર અનુસાર કાયદાની જોગવાઈના મુદ્દાને અનુલક્ષી અદાલતમાં જવા ઈચ્છનાર વ્યકિતએ ઉત્પન્ન થયેલ તકરારના કારણને અનુલક્ષી નિર્ણય કરવાનો રહે. જયારે બીજા મુદ્દા અંગે મ્યુ. કોર્ટના કાર્યક્ષેત્ર અને બીપીએમસી એકટની જોગવાઈને આધીન બાબત છે.

જયાં સુધી બંને મુદ્દાની માહિતીને સંબંધ છે ત્યાં સુધી જાહેર માહિતી અધિકારી અને કાયદા અધિકારી જેઓ મ્યુ. પ્લીડર પણ છે તેમની કક્ષાએથી અરજદારને પ્રથમ તબકકે ઉચિત માહિતી આપી શકાઈ હોત કારણકે તેઓ લો ઓફિસર રુલ્સથી તથા બીપીએમસી એકટ અને નાગરિક અને પ્રશાસનીય કાયદાથી વાકેફ હોવાનું અનુમાનિત છે. પરંતુ લો ઓફિસર ધ્વારા નિવારી શકાય તેવી બાબતને તબદીલ કરી દેવામાં આવી.

વીજીલન્સ ઓફિસર તથા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી પણ આ માહિતી આપી શકાય તેમ હતી કારણકે મહાનગરપાલિકાના ઉચ્ચ કે મધ્યમ કક્ષાના અધિકારીઓ આવી બાબતોથી અવગત હોવાનું અનિવાર્ય છે. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી કક્ષાએથી અરજદારને મુદ્દા નં.૧ અંગે આપેલી માહિતી યોગ્ય જણાય છે કારણકે કાયદો એ જાહેર બાબત છે અને તકરાર ઉત્પન્ન કરનાર નાગરિક કે વ્યકિત તેના ઉપાયો અંગે જ્ઞાત હોવાનું અનુમાનિત છે. અત્ર એ પણ સૂચક છે કે કાયદાનું અજ્ઞાન એ બચાવ હોઈ શકે નહીં સાથે એ પણ પ્રસ્તુત છે કે અરજદારને અપીલ તબકકે બીપીએમસી એકટનો હવાલો આપી તે સંદર્ભ કર્યા બાદ નારાજગી વ્યકત કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તે રજૂ કરવામાં સફળ રહેલ નથી તેથી મુદ્દા નં.૧ અંગે તકરારને કોઈ સ્થાન નથી.

મુદ્દા નં.ર બાબતે કાયદા અધિકારી જેઓ મ્યુ. પ્લીડર પણ છે તેમણે અરજદારની પૃચ્છાનો યોગ્ય પ્રત્યુત્તર આપવો રહે અથવા કાર્યક્ષેત્ર ધરાવતાં સત્તા મંડળને અરજી તબદીલ કરવી રહે પરંતુ તેમની કક્ષાએથી તેમ કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–ર–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કાયદા વિભાગ અને કાયદા અધિકારી તરફથી અપીલ અરજી અંગે નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.ર ની માહિતી અંગે ફરીયાદની હકીકતમાં ઉતરાર્ધ ભાગમાં નિર્દિષ્ટ વિગતે પ્રત્યુત્તર આપવા અગર લાગત સત્તા મંડળને દિન–પ માં તબદીલ કરવા કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી કાયદા વિભાગને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –પ–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી), ઈ.ચા. કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી (કાયદા વિભાગ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ......જાણ તથા અમલ માટે .
(ર) શ્રી દિનેશભાઈ સી. ઠકકર